
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# અવતારની આંધી દિશા બદલી નાખે છે



ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# અવતારની આંધી દિશા બદલી નાખે છે

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

મિત્રો ! જે મનુષ્ય હસતો, ખીલતો રહે છે તેની ચારે તરફ ખુશીઓ છવાયેલી રહે છે. હસનાર અને હસાવનાર પોતે પણ હસતો રહે છે અને બીજાઓને પણ હસાવતો રહે છે. ભગવાન શ્રીકૃષ્ણને જુઓ - હસતા ભગવાન, હસાવનાર ભગવાન, રાસ કરનાર ભગવાન, નાચતા ભગવાન, વાંસળી વગાડના ભગવાન, સાહિત્યકાર અને કલાકાર ભગવાન, સંગીતને પ્રેમ કરનાર ભગવાન. તમે એમની પાસેથી શીખો અને પોતાની આખી જિંદગીને હળવી બનાવીને જીવો. કાયમ મોઢું ફુલાવીને રહેવાથી જિંદગી જીવી શકાતી નથી. આ રીતે તમે પોતે પણ નાખુશ અને રડતા રહેશો. ફરિયાદો સાથે જીવશો, તો તમે મરી જશો. જિંદગી એટલી ભારરૂપ બની જશે કે તેને ફરીથી સુધારી શકશો નહીં. તેની નીચે તમે દબાઈ જશો, કચડાય જશો. જો તમે લાંબી ઉંમર સુધી જીવતા અને સ્વસ્થ રહેવા ઇચ્છતા હો, તો તમે હસવાની -હસાવવાની કળા શીખો. જો તમને હસતા આવડતું હોય તો સમજો કે જિંદગીના રહસ્યને જાણો છો.

સાથીઓ ! હસતા માટે તથા હસાવવા માટેની ઘણી વસ્તુઓ આપણી પાસે છે. તમારી પાસે બધી વસ્તુઓ નથી, તો શુ તમે ચીડાતા રહી, ફરિયાદ કરતા રહી અમૂલ્ય જીવનને આમ જ બરબાદ કરી નાખશો ? શું તમને નિખિલ આકાશ હસતું દેખાતું નથી ? જો તમે કવિ હ્રદયના હો, સરસ હ્રદયના હો તો તમે એનો આનંદ નથી લઈ શકતા ? નદીઓ કલકલ કરતી વહે છે, શું તમે એનો આનંદ નથી લઈ શકતા ? તમારે એમનો આનંદ લેવો જોઇએ અને તમારે કલાકાર બનવું જોઇએ. જિંદગીમાં આનંદના અનુભવો થવા જોઇએ. જીવનમાં હસવાનો સમય હોવો જોઇએ, હસાવવાનો સમય હોવો જોઇએ.

ભગવાનને આપણે કલાકાર કહીએ છીએ. શ્રીકૃષ્ણ ભગવાને રામલીલાના માધ્યમની હળવી ફૂલ જિંદગી, હસતી-હસાવતી જિંદગી જીવવાની કળા શિખવાડી, રાસલીલા ગાવાની વિદ્યા છે, નૃત્યની વિદ્યા છે. ના ભાઈ ! શ્રીકૃષ્ણ ભગવાને તો હસવા - હસાવવાની વિદ્યા ખૂબ જ નાનપણથી શીખી લીધી હતી.

અમે તો ઉંમરમાં મોટા થઈ ગયા છીએ. ના બેટા, ઉંમરમાં મોટા છો તો શું થઈ ગયું, યોગી છો તો શું થયું, તપસ્વી છો તો શું થયું, જ્ઞાની છો તો શું થયું, મહાત્મા છો તો શું થયું ? તમને હસતા પણ આવડવું જોઇએ, તમને હસાવતા પણ આવડવું જોઇએ. મને ગાંધીજીના સાંનિધ્યમાં ઘણા દિવસ રહેવાનો મોકો મળ્યો. શરૂઆતમાં તેઓ જે ઓરડામાં રહેતા હતા. ત્યાંથી હું થોડેક દૂર રહેતો હતો, તો મને વારંવાર તેમના હસવાનો અવાજ આવતો હતો. એ ગુલાબીના દિવસોમાં તેઓ ખૂબ ગંભીર વિષયો પર વાતચીત કરતા હતા, જેવા કે ઠંડીની સમસ્યા, વેશ્યાઓની સમસ્યા, બીજી સામાજિક સમસ્યા, કરોડો લોકોના ભાગ્યના નિર્માણની સમસ્યા - આટલી સમસ્યાઓ વચ્ચે પણ તેમને મેં હસતા જોયા છે. મારી-તમારી પાસે તો એવી સમસ્યાઓ પણ નથી. તમારી પાસે કઈ સમસ્યા છે ? બસ, એક જ સમસ્યા છે- દીકરાની અને પૈસાની. દેશ,

સમાજ અને સંસ્કૃતિને તો તમે જાણતા પણ નથી કે તેમના પ્રત્યે તમારી કોઈ જવાબદારી છે એનું ભાન પણ નથી, પરંતુ મેં ગાંધીજીને આ તમામ સમસ્યાઓ હોવા છતાં પણ હસતા જોયા છે. એકવાર એમને પૂછયું કે બાપુ, એક વાત તો બતાવો કે તમે આટલા ગંભીર રહો છો, આટલી ચિંતાઓથી ઘેરાયેલા રહો છો, આટલા ગંભીર વિષયો તમારી પાસે છે, આટલી અસફળતાઓ તમારી સામે આવે છે, આટલી સમસ્યાઓનું સમાધાન સૂચવો છો, આમ છતાં તમે કેવી રીતે હસી શકો છો ?

ગાંધીજીએ કહ્યું, "એને લીધે જ હું એક સાચી જિંદગી જીવી રહ્યો છું. મારે જીવતા રહેવાની બીજી કોઈ રીત નથી. જો હું ખુશ ન રહું તો મારું મોત આવ્યું સમજો." મિત્રો, જેના ચહેરા પર સ્મિત હોતું નથી એને તો મરેલો જ સમજો. શ્રીકૃષ્ણ ભગવાને એ કળા શિખવાડી, જેને આપણે જિંદગીનો પ્રાણ કહી શકીએ છીએ,

જીવન કહી શકીએ છીએ એનું જ નામ 'રાસ' છે. ના ગુરુજી, એમાં તો બહુ રંગીલાપણું છે ? ના બેટા, એમાં સ્વાભાવિકતા છે, નમ્રતા છે. તમે મહાભારત વાંચો, ભાગવત વાંચો, એમણે રાસલીલા કરી હતી ત્યારે એમની ઉંમર દસ વરસની હતી. દસ વરસ સુધીમાં બધી રાસલીલા બંધ થઈ ગઈ હતી. સાત વર્ષની ઉંમરથી શરૂ થઈ હતી અને દસ વર્ષની ઉંમર પછી કોઈ રાસલીલા રમાય નથી. એમાં કામુકતા નહોતી, સગાઈ કે લગ્નની કોઈ વાત નહોતી.

તો એમાં શું વાત હતી ? એમાં હતું હર્ષમય, આનંદમય જીવન, એમાં કનૈયાએ ઈચ્છયું કે નાનાં નાનાં બાળકો હોય, સાથે હળીમળીને હસીએ,રમીએ. સ્ત્રીપુરુષ વચ્ચે વિવેકનો કયો ફરક હોવો જોઇએ, શીલ અને આચરણનો કયો ફરક હોવો જોઇએ તે જાણી લો. જો એકબીજાને જુદાં કરી દેશો, કાપી નાખશો તો કોની સાથે રહેશો ? બાપ-દીકરી, ભાઈ-બહેન સાથેસાથે નહિ રહે. દીકરી બાપના ખોળામાં નહિ જાય કેમ કે એ સ્ત્રી છે અને આ પુરુષ છે. બંનેને જુદાં કરો અને પુરુષને એક ખૂણામાં બેસાડો. અરે ભાઈ, આ કયાંનો ન્યાય છે ?  સ્ત્રી અને પુરુષ સાથે મળીને કામ કરે, ગાડીના બે પૈડાંની જેમ કામ કરે તો જ જીવનમાં આનંદ આવે, પ્રગતિ થાય.

મિત્રો ! શ્રીકૃષ્ણ ભગવાને એ જમાનામાં છોકરા-છોકરીઓની એક સેના બનાવી અને તેને એક દિશા આપી. એમણે કહ્યું કે છોકરા અને છોકરીઓમાં ફરક રાખવાથી શું થશે ? આપણે બધાં બાળકો છીએ.

એ જમાનાના પુરુષવાદી સમાજમાં, પરસ્ત્રીગામી સમાજમાં, પાપ અને અનાચારનું બંધન રાખવામાં નહોતું આવ્યું, ફંકત સ્ત્રીપુરુષને જુદાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શીલ તો આંખોમાં રહે છે. તેના પર ધ્યાન આપધામાં આવ્યું નહોતું. ફંકત શારીરિક બંધનોથી શીલનું રક્ષણ કરવાની કોશિશ કરવામાં આવી હતી, જે તોડવાનો શ્રીકૃષ્ણ ભગવાને પ્રયત્ન કર્યો હતો.

ભગવાન શ્રીકૃષ્ણનું જીવન સિદ્ધાંતોનું જીવન હતું, આદર્શોનું જીવન હતું. તેમની બધી લીલાઓ સિદ્ધાંતો અને આદર્શોને પ્રખ્યાત કરતા જીવનથી ઓતપ્રોત હતી.

મિત્રો ! વાત શ્રીકૃષ્ણ ભગવાનની ચાલી રહી હતી. કૃષ્ણ ભગવાનની રીત જુદી હતી. રામાવતારમાં જે અભાવ રહી ગયો હતો, જે કમી રહી ગઈ હતી, જે અપૂર્ણતા રહી ગઈ હતી તે એમણે પૂરી કરી. આ વાતથી ફાયદો એ થયો કે જો સજ્જનો સાથે સંબંધ ન હોય તો શું કરવું જોઇએ ? ખરાબ લોકો સાથે સંપર્કમાં આવવું પડે તો, ખરાબ ભાઈ હોય તો, ખરાબ મામા હોય તો, ખરાબ સગાંસંબંધી હોય તો શું કરવું જોઇએ ? એ માટે શ્રીકૃષ્ણ ભગવાને નવો રસ્તો શોધ્યો. એમાં વિકલ્પ છે. એમાં સજ્જનો સાથે સજ્જનતાથી વર્તવું. જયાં ન્યાયની વાત કહેવામાં આવી રહી છે ત્યાં તમે સમતા રાખો અને તેને માનો તથા નુકસાન સ્વીકારો, પરંતુ જો તમને ખોટી વાત કહેવામાં આવી રહી હોય, તો તમે ના પાડો અને તેની સામે લડો અને જરૂર પડે તો તેનો સામનો કરો અને મારો.

કંસ શ્રીકૃષ્ણ ભગવાનના મામા હતા, પરંતુ તે અત્યાચારી અને દુરાચારી હતો. તેથી એમણે એ જોયું નહિ કે સંબંધમાં કંસ મારો કોણ થાય છે. એમણે પોતે જ એવું નહોતું કર્યું, પરંતુ અર્જુનને પણ કહ્યું કે સગો એ છે જે સાચા માર્ગ પર ચાલે છે. સાચા રસ્તે ચાલનારાઓનું સન્માન કરવું જોઇએ, તેમની આજ્ઞા માનવી જોઇએ, તેમનું કહેવું માનવું જોઇએ, તેમની સાથે બોલવું જોઇએ, પરંતુ કોઈ આપણને ખોટી વાત શીખવે તો તે માનવાનો ઇન્કાર કરી દેવો જોઇએ.

મિત્રો, કૃષ્ણ ભગવાનના દિશા અને શિક્ષણ એ જ હતા કે આપણો કોઈ સગો નથી. આપણો સગો ફક્ત એક જ છે અને એનું નામ છે ધર્મ. આપણો સગો એક છે અને એનું નામ છે કર્તવ્ય. તમે યોગ્ય રસ્તે ચાલો, તો હું તમારી સાથે છું અને તમારી તરફેણમાં છું. બાપની સાથે છું, સગાઓની સાથે છું. જો તમે ખોટા રસ્તે ચાલો, તો તમે મારા કોઈ સગા થતા નથી. હું તમારી વાત માનીશ નહિ અને તમને વેરવિખેર કરી નાખીશ.

મિત્રો, આ છે શ્રીકૃષ્ણ ભગવાનના જીવનની ગાથાઓ, જે રામના જીવનની વિરોધી નથી, પણ પૂરક છે. રામના અવતારમાં જે કમીઓ રહી ગઈ હતી તેને કૃષ્ણ અવતારમાં પૂરી કરી. રામનો સંબંધ સારા લોકો સાથે જ રહયો. સારા સંબંધી મળતા રહયા.

એમને સુમંત મળ્યા તો સારા મળ્યા, કૌશલ્ય મળી તો સારી મળી, લક્ષ્મણ મળ્યા તો સારા મળ્યા. એમને બધા સજ્જનો જ મળતા ગયા. જો સજ્જનો ના મળ્યા હોત તો શું કરત ? તો શ્રીકૃષ્ણ ભગવાને જે લીલાઓ કરી બતાવી તે જ તેઓ પણ કરત. શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યું કે તું લડ. એ તારા ગુરુ હોય કે કોઈ પણ કેમ ન હોય ?

ભગવાન શ્રીકૃષ્ણ પોતાની આખી જિંદગી વાદળાંની જેમ જીવ્યા. એમણે કહ્યું, મારું કોઈ ગામ નથી. બધાં ગામ મારા છે. જયાં પણ મારી જરૂર હશે ત્યાં હું જઈશ. તેઓ ક્યાં જન્મ્યા ? તેઓ મથુરામાં જન્મ્યા, પછી ગોકુળમાં વસ્યા, ત્યાં ગાયો ચરાવી. ઉજ્જૈનમાં ભણતર પૂરું કર્યું.

દિલ્હીમાં - કુરુક્ષેત્રમાં લડાઈમાં ભાગ લીધો અને પછી કોણ જાણે ક્યાંથી ક્યાં ફરતા રહ્યા. આખરે ક્યાં જતા રહ્યા ? આખરમાં દ્વારકા જતા રહ્યા. તમારી ઉપર તો હોમ સિકનેસે કબજો જમાવી દીધો છે, જે તમને ઘરમાંથી નીકળવા દેતી નથી.

અરે સાહેબ, ઘરમાંથી કેવી રીતે નીકળીએ ? અમને તો ઘરના લોકોની યાદ આવે છે, અમારો પૌત્ર યાદ કરતો હશે. પૌત્રી યાદ કરતી હશે. અમે પોતાના ઘરમાંથી બહાર જઈશું નહિ. ગામમાં જ હવન કરી લઈશું. શતકુંડી યજ્ઞ તો અમારા ગામમાં જ થશે. મંદિર બનશે તો મારા ગામમાં જ બનશે. ગામનું રટણ કરતો રહે છે.

શ્રીકૃષ્ણ ભગવાનને આ માન્યતાને ખતમ કરી દીધી અને કહ્યું કે બધાં ગામ મારા છે. દરેક જગ્યા મારી જન્મભૂમિ છે. તેઓ બેવાર મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ ગયા, દિલ્હી ગયા. તેઓ વાદળાંની જેમ બધા પ્રદેશોમાં ગયા. મહાપુરુષોની કોઈ જન્મભૂમિ હોતી નથી, કોઈ ગામ હોતું નથી, પરંતુ આખો સંસાર જ એમનું પોતાનું ઘર હોય છે.

દિશા બદલી નાખે છે - અવતારની આંધી

મિત્રો ! લોકો પોતપોતાની જન્મભૂમિનું રટણ કરે છે કે આ મારી જન્મભૂમિ છે, તે મારી જન્મભૂમિ છે. અરે ! જન્મભૂમિ કોની હોય છે ? જેઓ માત્ર શરીરને જ સર્વસ્વ માને છે તેમની જન્મભૂમિ હોય છે,

મારી તો દરેક જગ્યા જન્મભૂમિ છે. જયાં મારી જરૂર પડશે ત્યાં હું જઈશ. ના સાહેબ ! મારી તો અમુક જગ્યાએ જન્મભૂમિ છે, એટલે હું ત્યાં જઈશ. ના ! કોઈ જન્મભૂમિ નહિ. શંકરાચાર્ય ક્યાં પેદા થયા હતા ? કેરાલામાં જન્મ્યા હતા. પરંતુ તેઓ આખા ભારતમાં ફરતા રહ્યા. તેમની પ્રેરણાથી દક્ષિણ ભારતના લોકો ઉત્તરમાં આવી ગયા અને ઉત્તર ભારતના લોકો દક્ષિણ ભારતમાં ચાલ્યા ગયા. કુમારજીવ કાશ્મીરમાં જન્મ્યા હતા, છતાં મોંગાલિયા ગયા અને ચીનમાં જિંદગી પૂરી કરી, ઈસુ ખ્રિસ્ત ક્યાં જન્મ્યા અને મદીના જતા રહ્યા. ત્યાં રહ્યા અને પછી એ ગામ છોડીને બીજે ગામને જ સેવાઓ આપીશ અને ત્યાં જ મરીશ. ના મિત્રો ! આની કોઈ જરૂર નથી. ગમે ત્યાં જગ્યા હોય, ગમે ત્યાં જમીન હોય, ગમે ત્યાં તક હોય, ગમે ત્યાં તમારી જરૂર હોય, ત્યાં તમે જજો. ના સાહેબ ! હું તો ગામમાં જ રહીશ. ગામમાં જ મારા બાળકો રહેશે. મારા જ ગામમાં પુસ્તકાલય બનશે. ના, કોઈ જરૂર નથી. જયારે તમારા ગામના લોકો અભણ છે તો પોતાના ગામમાં પુસ્તકાલય શા માટે બનાવો છો ? ગામ ગામની બૂમો પાડયા કરો છો ? આ હોમ સિકનેસ છે, બીજાથી પોતાને અલગ કરવાની પ્રવૃત્તિ છે. ના સાહેબ ! આ કારણોસર તો બધા છોડીને ચાલ્યા ગયા. ચાલ્યા ગયા તો ચાલ્યા ગયા. એમના પ્રત્યે મોહ કેવો ? મોહ રાખવો જ હોય, પ્રેમ કરવો જ હોય તો સિદ્ધાંતો સાથે કરો, આદર્શો સાથે કરો, ગામનો મોહ શા માટે ? ગામ પ્રત્યે શો પ્રેમ ? કયો સંબંધ ? એનું સૌથી સારું ઉદાહરણ આપણને શ્રીકૃષ્ણ ભગવાનના જીવનમાં જોવા મળે છે. ભગવાનની આ કથાઓ અને પ્રેરણાઓ આપણને શીખવે છે કે જયાં આપણી જરૂર હોય ત્યાં વાદળોની જેમ જવું જોઇએ.

મિત્રો ! ભગવાન શ્રીકૃષ્ણની કથાઓ અને પ્રેરણાઓ આપણને ઘણું શીખવે છે. શ્રીકૃષ્ણનું જીવન આપણને અધ્યાત્મનું સાચું સ્વરૂપ જાણવાની પ્રેરણા આપે છે.

મિત્રો ! અધ્યાત્મ શું હોઈ શકે ? અધ્યાત્મ આપણા વ્યવહારમાં સમાયેલું છે. આ વાત મેં શરૂઆતમાં જ બતાવી છે. હું અધ્યાત્મને તમારા કાર્યોમાં જોવા માગું છું. આજ્ઞાચક્ર કર્યું છે કે નથી ફર્યું ? ના, મહારાજ, એ તો માત્ર માથામાં ફરે. બેટા ! માથામાં કોઈ ચક્ર ફરતું નથી. ફરે છે તો તે કાર્યોમાં ફરે છે. માત્ર ઘરમાં જ નહિ, આખા સંસારમાં ચક્ર ફરે છે. ભગવાને પોતાની લીલાઓ દ્વારા ધર્મચક્રને ફેરવ્યું હતું.

તે ધર્મચક્ર અટકી ગયું હતું, એનું પૈડું જામ થઈ ગયું હતું. એ પૈડાને એમણે ફરતું કર્યું, માત્ર ભારતમાં જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વમાં ફેરવ્યું. ધર્મનું ચક્ર આને કહે છે.

એટલા માટે મિત્રો, શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અધ્યાત્મનો અર્થ સમજાવ્યો. ગીતાનો કર્મયોગ બતાવ્યો.ગીતાના કર્મયોગમાં તેમણે કહ્યું કે કર્મ કરવાનો અધિકાર મનુષ્યને છે, પણ ફળ પ્રાપ્ત કરવા હેરાન પરેશાન થવાની કે ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી. જે કામ કરો તે ઈમાનદારીથી કરો, શરાફતથી કરો. તમારા આત્મસંતોષ માટે માત્ર આટલું પૂરતું છે. ફળ મળ્યું કે નહિ મળે. દુનિયામાં ઘણા લોકો એવા છે, જેમણે ખૂબ જ સારાં કાર્યો કર્યા છે, છતાં ઈસુ ખ્રિસ્તને ફાંસીએ ચઢાવવામાં આવ્યા, સોક્રેટિસને ઝેરનો ખ્યાલો પિવડાવવામાં આવ્યો. કોણ જાણે કેટલા સારા સારા લોકોને કઈ કઈ તકલીફો આપવામાં આવી. એટલે હું સફળતાની ખાતરી આપી શકતો નથી, પણ તને શાંતિ મળશે એવી ખાતરી આપી શકું છું.

મિત્રો ! જો તમે શરાફતના રસ્તે ચાલશો અને એમ સમજશો કે તમે નેક કામ કરી રહ્યા છો, માણસાઈનું કાર્ય કરી રહ્યા છો, તો પછી જટાયુની જેમ તમને સફળતા મળે તોય શું અને ન મળે તોય શું ? કોઈ ફરક નહિ પડે. સીતાજીને છોડાવતા જટાયુ મરાયો. નેક કામ કરતાં એણે જિંદગી હોમી દેવી પડી, પણ જટાયુને આપ હારેલો ન કહી શકો. ભગતસિંહને ફાંસી આપવામાં આવી, ઈસુ ખ્રિસ્તને મોટા ખીલાથી જડી દીધા, તો આપણે ભગતસિંહ કે ઈસુ ખ્રિસ્તને હારેલા ન ગણી શકીએ. સફળતા-નિષ્ફળતાથી શું થાય છે ? સફળતા-અસફળતાની કોઈ કિંમત નથી. તમે સાચું અને સારું કામ કર્યું એ જ તમારા માટે પૂરતું છે.

સાથીઓ ! કર્મયોગમાં ભગવાને એ બતાવ્યું છે કે તમને ફાયદો થયો છે કે નહિ તે ન જોશો. તમારે જે જોઇતું હતું તે મળ્યું કે નહિ તે ન જોશો. મળવું ન મળવું તમારા હાથની વાત નથી. એ પરિસ્થિતિઓ અને પ્રારબ્ધની વાત છે. એ આપના હાથની બાબત છે કે બીજાની સહાયતાથી અથવા તે વિના તમે શું કરી શકો છો ? કોઈ કાર્યનું શું ફળ મળે છે એ તમારા હાથની વાત નથી, પણ એક વાત આપના હાથમાં છે કે આપ પોતાની જવાબદારીઓ નિભાવો અને કર્તવ્યને પુરું કરો

જો તમે કર્તવ્યોને પૂરા કરશો, જવાબદારીઓ નિભાવશો તો વિશ્વાસ રાખો કે એક યોગીને, એક સંતને, એક જ્ઞાનીને મળવો જોઇએ તે લાભ આપને પણ મળશે. આ જ ગીતાનો કર્મયોગ છે. ગીતામાં ભગવાને અર્જુનને કર્મયોગનું શિક્ષણ આપ્યું અને કર્મમાં પ્રવૃત કયો.

ભગવાન અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા, "ભગવાન, હું તો તમારા વિરાટ સ્વરૂપનાં દર્શન કરવા ઇચ્છું છું." ભગવાને કહ્યું, 'મારા દર્શન આ આંખોથી ન કરી શકાય. તો પછી ભગવાનને કઈ રીતે જોઈ શકાય ? આ પ્રશ્ન પર ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, "દિવ્યં દદામિ તે ચક્ષુઃ" એટલે કે હું તને દિવ્ય આંખો આપીશ, વિવેકની આંખો આપીશ, જ્ઞાનની આંખો આપીશ. માત્ર જ્ઞાનની આંખોથી જ ભગવાનને જોઈ શકાય છે બીજી કોઈ રીતે નહિ. ચામડાની આંખથી આપ ભગવાનને ન જોઈ શકો. એના વડે તમે પથ્થરો જોઈ આવો. ના સાહેબ ! હું તો આના વડે ભગવાનને જોઈશ. ના, તમે એનાથી ભગવાનને જોઈ શકો નહિ. જ્યારે આ વિષય ચામડાનો છે જ નહિ, તો પછી તમે ક્યાંથી જોઈ શકો ? તમે ઠંડક જોઈ છે ? ના સાહેબ, અમે તો ફંકત બરફ જોયો છે, ઠંડક જોઈ નથી. તો તમે ગરમી જોઈ છે ? ના, ગરમી નથી જોઈ, આગ જોઈ છે. હું આગની વાત નથી કરતો, ગરમીની વાત કહું છું. ના સાહેબ, ગરમી તો જોઈ નથી. સારું, મારો પ્રેમ જોયો છે ? મહારાજજી ! તમારો પ્રેમ તો જોયો નથી. હા, તમારા ચહેરાની ક્રાંતિ, હાસ્ય વગેરે જોયા છે. મિત્રો, હું પ્રેમની વાત કહું છું, હાસ્યની નહિ.

મિત્રો, સારું તો બતાવો કે તમે મારું જ્ઞાન જોયું છે ? ના મહારાજજી ! જ્ઞાન પણ નથી જોયું. જ્ઞાન તમે જોયું નથી, પ્યાર જોયો નથી, ગરમી જોઈ નથી, ઠંડી જોઈ નથી તો પછી ભગવાનને કેવી રીતે જોશો ? ના મહારાજજી ! મને ભગવાન બતાવો. પાગલ છે તું ભગવાન જોવા છે ? ભગવાન શું કોઈ જોવાની વસ્તુ છે ? કોઈને ભગવાનને જોયા નથી. અર્જુન પણ કહી રહ્યો હતો કે મને ભગવાન બતાવો. શ્રીકૃષ્ણે કહ્યું કે ચાલ, તમે ભગવાન બતાવું છું. એમણે પોતાનું વિરાટ રૂપ બતાવ્યું અને કહ્યું કે જો, આ છે ભગવાન. એ જ સ્વરૂપ એમણે પોતાના યશોદા માતાને બતાવ્યું હતું. ભગવાન રામે પણ માતા કૌશલ્યાને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું હતું. એમણે કાકભુશુંડીને પણ બતાવતા કહ્યું કે જુઓ, આ મારું વિરાટ સ્વરૂપ છે.

સાથીઓ ! જો તમે આંખોથી ભગવાનને જોવા માગતો હો તો સંસારમાં જેટલી દિવ્ય શક્તિઓ છે, જેટલી દિવ્ય વિચારધારાઓ છે જેટલા દિવ્ય કર્મ દેખાય છે એમાં તમે ભગવાનની ક્રીડા જોઈ શકો છો. એ જ તેમની ક્રીડા કરવાનું શ્રેષ્ઠ સ્થળ છે. એને જ તમે ચોખા ચઢાવો, જળ ચઢાવો, અગરબત્તી પ્રગટાવો, એમાં જ તમારી અક્કલ વાપરો. 'અક્ષતાન્ સમર્પયામિ' અને "સ્નાનમ્ સમર્પયામિ" પાણી ચઢાવવું. જેનો અર્થ છે - સમાજને શ્રેષ્ઠ બનાવવા, લોકોને સુધારવા, દુનિયામાં ભલાઈ લાવવા પોતાનો પરસેવો વહાવો, પોતાની અક્કલ વાપરશો, પોતાના પૈસા ખર્ચો. પાણી ચઢાવવાનો અર્થ છે - પરસેવો વહેવડાવવો, શ્રમ કરવો. સારાં કાર્યો માટે શ્રમ કરવો. પૂજા અર્ચના પાછળ, કર્મકાંડો પાછળ છુપાયેલો ભેદ, અર્થ, મર્મ, શિક્ષણ, પ્રેરણાઓ વગેરે સમજવા ઘણાં જરૂરી છે.

ભગવાને ગીતામાં આ ઉપદેશ શીખવ્યો અને કહ્યું કે કોઈ પણ શ્રેષ્ઠ કાર્ય શ્રમ અને સહયોગ વિના શક્ય નથી. ઉદાહરણ તરીકે જ્યારે તેમણે ગોવર્ધન ઉઠાવ્યો તો ગોપબાળાને કહ્યું કે તમે જરા હિંમત કરો, મારી સાથે આવો, મને મદદ કરો, તમારી લાકડીનો ટેકો કરો. મિત્રો ! જનતાને સાથે લીધા વિના તમે કંઈ જ ન કરી શકો. તમે એકલા સમાજને સુધારી શકશો ? ના, તમે એકલા કંઈ જ ન કરી શકો. તમે લોકોને તમારી સાથે બોલાવો, એમને સાથે લઈને ચાલો, ના સાહેબ ! હું ઘણો જ્ઞાની છું, મોટો વિદ્વાન છું. ઠીક છે, તમે વિદ્વાન છો તે ઘણી સારી વાત છે, પણ તમારી સાથે લોકશક્તિ છે કે નહિ ? તમે જનતા પાસે જાઓ અને લોકશક્તિ વધારો. લોકશક્તિ જગાવ્યા વિના રામનો ઉદ્ધાર ન થઈ શકયો, કોઈનોય ઉદ્ધાર થયો નથી અને થશે પણ નહિ. જનશક્તિને જગાડો, લોકોને સાથે લો, જનસહયોગ મેળવો. શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન ઉઠાવવો, મહાભારતમાં સેના ઊભી કરી દેવી તે એ વાતની સાબિતી આપે છે કે એમણે જે કામ કર્યા તે મહેનતથી કર્યા અને લોકોની સહાયતાથી કર્યા, જનશક્તિને સાથે લઈને કર્યા છે.

ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન બાબતે કેટલીયે દંતકથાઓ પ્રચલિત છે. હમણાં હું જે કથા સંભળાવવાનો છું એમાં પહેલો વિષય ભગવાનના લગ્નના કિસ્સાનો જ છે લોકોએ તેમના લગ્ન અને રાસને ખૂબ હલકટ બનાવી દીધાં છે.

મારા પિતા ઉપર કે મારા પૂર્વજો પર આવા ગંદા અને વાહિયાત આક્ષેપો કરવામાં આવે એ હું ઇચ્છતો નથી. હું આ પ્રકારની રાસલીલા જોવાનું મને સહેજ પણ મન નથી અને એવો નવરાશનો સમય પણ નથી. ના ગુરુજી ! રાસ જોઈ લો. ના બેટા ! મારે રાસ જોવો નથી. હું શિક્ષણ મળી રહે એવું નાટક જોવાનું પસંદ કરું છું, જેમાં ભગવાન શ્રીકૃષ્ણે એ કરી બતાવ્યું કે પોતાનું રાજય સુદામાને સોંપી પોતે તપ કરવા ગયા. આ મને પસંદ છે અને તે હું હજારવાર જોઈશ. કેમ મહારાજજી ! તમે ગોપીઓવાળી રાસલીલા અને એ કપડાં ચોરવાની લીલા જોઈ છે કે નહિ ? ના બેટા, આ રાસલીલા મને પસંદ નથી કારણ કે તે સમાજમાં અનાચાર ફેલાવે છે, ભષ્ટાચાર ફેલાવે છે, સમાજમાં અનીતિ ફેલાવે છે. મારા આરાધ્યની મજાક કરવામાં આવે છે અને આપણી સંસ્કૃતિને કલંક લગાડે છે. આ મને પસંદ નથી. એને હું જોવા માગતો નથી અને સાંભળવા પણ માગતો નથી.

મિત્રો ! ભગવાન શ્રીકૃષ્ણના દાંપત્યજીવન બાબતે જે વાહિયાત વાતો સાંભળવા મળે છે એના ઊંડાણમાં જ્યારે હું ગયો તો ખબર પડી કે આ તમામ વાહિયાત વાતો પાછળથી પંડિતોએ ભેળવેલી છે. હકીકતમાં શ્રીકૃષ્ણનું એક જ લગ્ન થયું હતું અને રુક્ષ્મણિને પણ  તેઓ ભગાડી લાવ્યા ન હતા. રુક્ષ્મણિના ભાઈ રુકમની મંજૂરીથી આ લગ્ન થયું હતું. જ્યારે મહાભારતમાં મેં  આ કથા વાંચી તો મને ઘણી ગમી ગઈ અને ત્યારથી મેં શ્રીકૃષ્ણ ભગવાનના લગ્ન બાબતે ચર્ચા કરવી શરૂ કરી. પહેલાં મેં એ ફેંસલો કર્યો હતો કે શ્રીકૃષ્ણના લગ્ન બાબતે હું કંઈ જ નહિ લખું

બદરીનાથ કોને કહે છે ? બદરી એટલે બોરડી. આજે જયાં બદરીનાથ છે ત્યાં બોરનું જંગલ હતું. તેઓ ત્યાં ચાલ્યા ગયા અને પોતાના પત્ની સાથે  બાર વર્ષ તપ કર્યુ હતું. આની પાછળ એક સિદ્ધાંત છુપાયેલો છે, આદર્શ છુપાયેલો છે કે આપણે એવાં બાળકો પેદા કરવા જોઇએ કે  જે કામુકતાના સંસ્કારોથી દૂર હોય. આની પાછળનો હેતુ એ હતો કે શ્રેષ્ઠ નાગરિક બનવા માટે સંયમની સાથે, તપની સાથે, જ્ઞાનની સાથે એક સુસંસ્કારી સંતાન આપવું છે અને એટલા માટે બાર વર્ષ તપ કરી આવ્યા હતા. એમને માત્ર એક પુત્ર હતો. તેનું નામ પ્રદ્યુમ્ન હતું.

મિત્રો ! શ્રીકૃષ્ણ ભગવાનનું દાંપત્યજીવન શ્રેષ્ઠ દાંપત્યજીવન હતું. એમાં એવા કોઈ બકવાસને તક નથી કે તેમને હજારો રાણીઓ હતી. એમની જિંદગીની છેવટની બે ઘટનાઓ શાનદાર રહી છે. પહેલી ઘટના એ કે એમણે સંપત્તિ એકઠી કરી અને કહ્યું કે કેટલું ધન, કયા રાજયમાં ક્યાં ક્યાં રાખવું છે એનો હિસાબ કરવો જોઇએ. એકવાર જ્યારે સુદામા દ્વારિકા આવ્યા અને કૃષ્ણ ભગવાનને જણાવ્યું કે સુદામાનગરીનું મારું ગુરુકુળ ખંડેર થઈ ગયું છે. મારે ત્યાં નાણાંની તંગી છે. વિદ્યાર્થીઓના નિવાસ માટે સ્થળની ખોટ વર્તાય છે. ભણવા માટે પુસ્તકો નથી. આ સાંભળી એમણે વિચાર્યું કે પૈસાનો આનાથી સારો ઉપયોગ બીજા કોઈ હોઈ શકે નહિ. તમારી પાસે સંપત્તિ હોય, પૈસા હોય, તો તમે વિચારશો કે આ મારો દીકરો વાપરશે, પૌત્ર વાપરશે, પણ જો બીજો કોઈ વાપરશે તો હું એને મારી નાખીશ.

મિત્રો, શું થયું ? કૃષ્ણ ભગવાને જોયું કે રાજય વિસ્તાર્યું, પૈસા એકઠા કર્યા, પણ એનો ખર્ચ તો થવો જોઇએ ને ! છેવટે તો વાપરું તો કયા વાપરું ? આ વિચાર કરતા હતા અને એવામાં સુદામાજી આવ્યા. ભગવાને વિચાર્યું કે ચાલો, મારું કામ થઈ ગયું. આ જ હું શોધી રહ્યો હતો કે એનું કોઈ સ્થળ મળે, જયાં મારા પૈસાનો સારામાં સારો ઉપયોગ થાય. સમજમાં આવતું ન હતું કે કોને આપું અને કોને ન આપું ? માગનારા તો હજારો આવે છે, પણ જયાં જરૂર છે એવી જગ્યા કે એવી કોઈ વ્યક્તિ ન મળી. સુદામાજી તમે યોગ્ય સમયે આવી ગયા છો. જે કંઈ મારી પાસે છે એ બધું તમને આપી દઉં છું. તમામ સંપત્તિ સુદામાપુરી મોકલી દીધી અને ત્યાંના વિદ્યાલયને વિશ્વવિદ્યાલયમાં બદલી નાખ્યું.

મિત્રો ! આ તેમના જીવનની નિઃસ્પૃહતા હતી, આ તેમનો કર્મયોગ હતો. કર્મયોગથી માનવીની આસક્તિ અને મોહ કપાતા જાય છે અને તેને એ સમજાય છે કે મારે શું જોઇએ ? મારામાં કમાવાની તાકાત છે. પણ એની સાર્થકતા ત્યારે જ છે કે જો હું કમાણીને કોઈ સારા કામમાં વાપરી શકું, પણ તમે તો કમાઓ છો અને દીકરાઓને, પૌત્રોને ચાલાક બનાવવા માટે, ચોર બનાવવા માટે, હેવાન બનાવવા માટે, વ્યસની બનાવવા માટે અને અનાચારી બનાવવા મટો પાપની કમાણી તેમના માટે ભગી કરતા જાઓ છો. તમે પણ શું આવું જ કરો છો ?

ના મહારાજજી ! હું આવું નથી કરતો. જો તમે આવું કરતા હો તો તમારો વિચાર બદલી નાખો. મિત્રો ! પ્રાચીનકાળમાં આવું થતું ન હતું. ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાનું તમામ ધન સુદામાજીને સોંપી દીધું અને નિસ્પૃહ થઈ ગયા. આ બધી વાતો તેમણે પોતાના જ જીવનનું ઉદાહરણ આપીને રજૂ કરી તથા સાર્થક કરી બતાવી.

તેમના જીવનની અંતિમ કથા એ છે કે તેમણે પહેલા જન્મમાં વાલીને સંતાઈને માર્યો હતો. સંતાઈને મારવાની મારી ભૂલ હતી. મારે તેને સંતાઈને મારવો જોઇતો ન હતો. આ કોઈ નિયમ નથી કે તમે કોઈને સંતાઈને મારો. સંતાઈને મારનારને કસાઈ કહે છે, હત્યારો કહે છે, જલ્લાદ કહે છે. લડાઈનો નિયમ એવો છે કે તમે સામેવાળાને પણ હથિયાર આપો અને જાતે ય હથિયાર લો, પછી પડકાર ફેંકો કે આવો, તમને પણ તમારું રક્ષણ કરવાનો અધિકાર છે.

આ લડાઈમાં મારો પણ જીવ જઈ શકે છે અને આપનો પણ જઈ શકે છે. તમે મારા પર હુમલો કરો અને હું તમારા પર કરું. બંને બહાદુરો એકબીજાને આવું કહે છે, પણ જે માણસ બેઠલો હોય, સૂતેલો હોય તેને તમે તાડના ઝાડ પાછળ લપાઈને મારી નાખ્યો. સૂતેલાને મારી નાખ્યો આ શો ગોટાળો કર્યો ? રામચંદ્રજી હતા તો શું થઈ ગયું ? એમણે આવું કરીને ભૂલ કરી છે.

મિત્રો ! શ્રીકૃષ્ણ ભગવાને બતાવ્યું કે ભૂલ કરનાર કોઈ પણ કેમ ન હોય, ભલે તે ભગવાન હોય તો પણ ભૂલની સજામાંથી માફી માગી શકે નહિ. એ જ વાલી બીજા જન્મે પારધી બની ગયો અને જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન એક વૃક્ષ નીચે બેઠા હતા ત્યારે તેણે તીર માર્યું. તીર તેમના પગમાં વાગ્યું, જેનાથી એક કાણું પડી ગયું, સેપ્ટિક થઈ ગયું, ધનુર થઈ ગયું.

ડોકટરોએ ઈજેકશન મૂકયાં. અન્ય ચિકિત્સા ઉપચાર કર્યા, પણ કોઈ ફરક ન પડયો. શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં જ ઢળી પડયા. તેમની લાશ ત્યાં જ પડી રહી. બલરામે પણ જોયું કે તેમના ભાઈ મૃત્યુ પામ્યા છે. અર્જુન પણ ત્યાં આવી ગયા અને તેમના અંતિમ સંસ્કાર કર્યા. આ આખી કથાનું સુંદર વર્ણન મહાભારતમાં છે.

મિત્રો ! આની સાથે આખી કથા પૂરી થઈ જાય છે. વાત રહી અલૌકિકતાની અને ચમત્કારની, તો મહાન વ્યક્તિઓને એની સાથે કોઈ લેવાદેવા હોતી નથી. ચમત્કારો તો તમારા જેવા માટે છે, જે એને જ બધું માનીને કોઈની મહાનતા આંકે છે અને કહે છે કે  જો તેઓ ચમત્કારી હોય તો મહાત્મા હશે, ચમત્કારી હોય તો ભગવાન હશે, ચમત્કારી હોય તો ગુરુ હશે અને જો ચમત્કાર ન થાય તો માત્ર સામાન્ય વ્યક્તિ છે, ના સાહેબ ! ગુરુગોવિંદસિંહ એક એકથી ચડિયાતા ચમત્કાર કર્યા હતા, બતાવ્યા હતા, તમે પણ બતાવો. ના ભાઈસાહેબ ! ગુરુગોવિંદસિંહ સાથે એક માણસ જીદ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે મારા ખુદા મોટા ચમત્કારી છે. તેઓ એક બીજમાંથી હજારો ફળ કાઢે છે. વાદળોને ઓગાળી પાણીના ટીપાં બનાવી દે છે. તમે પણ વાળમાંથી રેતી કાઢી બતાવો, કાનમાંથી દેડકાં કાઢી બતાવો, તો હું તમને ચમત્કારી માનું. એમણે કહ્યું કે તું બાજીગરીને ચમત્કાર ગણે છે ? વાસ્તવિક ચમત્કાર તો એ છે કે માનવીના હૃદયમાં ભગવાન પેદા કરી શકાય છે કે નહિ ? જે લોકો પાપી અને પતિત  જિંદગી જીવી રહ્યા હોય, ડરપોક અને પરાવલંબી જિંદગી જીવી રહ્યા હોય તેમને જો સ્વાવલંબી અને શાનદાર જિંદગી જીવતા કર્યા હોય, લોકોને તારનારી, વિકાસવાળી જિંદગી જીવતા કર્યા હોય તો આ સૌથી મોટો ચમત્કાર છે. એનાથી મોટો ચમત્કાર કોઈ હોઈ શકે જ નહિ.

શ્રીકૃષ્ણ ભગવાન ચમત્કારી હતા, પણ લૌકિક દૃષ્ટિએ તેઓ સાવ અસફળ રહ્યા. ગોપીઓને પ્રેમ કર્યો, રાધાને પ્રેમ કર્યો, પણ એ બધાંને છોડીને ક્યાં ચાલ્યા ગયા ? ગોપીઓ ધમપછાડા કરતી રહી. લગ્ન કર્યું, રાજપાટ વસાવ્યું, અર્જુનને રાજા બનાવ્યો, છેવટે ભાગી જઈ પોતે દ્વારા જતા રહ્યા.

પોતાનું કુટુંબ વસાવ્યું, જે છેવટે અંદરોઅંદર લડી ઝઘડીને નાશ પામ્યું. આ કેવા ભગવાન છે જેમના ખાનદાનમાં બધા જ નાશ પામ્યા ? આખું ખાનદાન નાશ પામ્યું. અર્જુન ગોપીઓને લઈને જઈ રહ્યા હતા. એમને રસ્તામાં ભીલો મળી ગયા. ભીલો ગોપીઓને લઈ ગયા. રાધિકાજી કોણે જાણે ક્યાં ચાલ્યાં ગયાં. બધું વેરવિખેર થઈ ગયું.

છેવટે જે કંઈ બચિયું હતું એને પણ લોકો લઈ ગયા અને શ્રીકૃષ્ણ ભગવાન ખાલી હાથ રહી ગયા. અંતિમ તબકકે એ પણ ન થઈ શકયું કે કોઈ તેમના મોમાં ગંગાજળ રેડે કે ગૌદાન કરાવે. ગૌદાન કરાવનાર તો ન આવ્યા, ઊલટું એમનું શબ જંગલમાં પડી રહ્યું અને અર્જુને તેમની અંત્યેષ્ટિ કરવી પડી.

મિત્રો ! આમ સંસારની દૃષ્ટિએ ભગવાન શ્રીકૃષ્ણ સાવ અસફળ સાબિત થયા, પણ આદર્શોની દૃષ્ટિએ, સિદ્ધાંતોની દૃષ્ટિએ ખૂબ સફળ સાબિત થયા. તેવા ભગવાન આજના દિવસે જન્મ્યા હતા, તેમણે ન માત્ર પોતાના કાર્યોથી શિક્ષણ આપ્યું, પણ અસંખ્ય નરનારીઓને સંસાર સાગર પાર કરાવ્યો. તેમનું શિક્ષણ એટલું શાનદાર છે કે જો જન્માષ્ટમીના દિવસે તેમના ચરિત્રને, એ પ્રેરણાઓને, માર્ગદર્શનને આપણા જીવનમાં ધારણ કરીએ, તો મજા આવી જાય અને જન્માષ્ટમીનું પર્વ સાર્થક બની જાય. મારું સમજાવવું પણ સાર્થક બની જાય. જો કે આ પ્રેરણાઓ ભગવાને પોતાના સ્થૂળ જીવનની લીલાઓ દ્વારા આપી હતી. એમને ધારણ કરીએ, ગીતામાં આપણને બતાવવામાં આવ્યું છે કે આપણે ધારણ કરીએ. જો આપણામાંના દરેકમાં ભગવાનનો એ સિદ્ધાંત આદર્શવાદના રૂપમાં ઉતરી શકે, દરેક ક્ષણે એમનો અવાજ અને એ વાણીને આપણે સાંભળી શકીએ, તો આપણું જીવન ધન્ય થઈ જાય, આજનો દિવસ ધન્ય થઈ જાય અને આજનું મારું પ્રવચન પણ ધન્ય થઈ જાય. બસ આજની વાત સમાપ્ત.. ૐ શાંતિ.

### જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિઃશુલ્ક મંગાવો. પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩ ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેક્સ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

**E-Mail : yugnirman@awgp.org.**